# હેપ્પી જન્માષ્ટમી : આજે પંચદેવ ખાતે ભવ્ય લોકમેળો

## બે વર્ષના અંતરાલ બાદ આખરે આ વર્ષે શહેરમાં જન્માષ્ટમીનો લોકમેળો યોજાશે : ભક્તોમાં અનેરો ઉત્સાહ : હાલો રે હાલો મેળે જઈએ મેળાનું નામ ના પાડો તો સારું કે મારામાં મેળાની ભરતી મેળાને હોય નહી મંદિરનું સરનામું મેળો તો મળવાની ધરતી...

- ભાગ્યેશ જહા

ગાંધીનગર,તા. ૧૮

શ્રાવણ માસ એટલે પર્વોનો પવિત્ર મહિનો. જેમાં મોટા-મોટા પર્વોનો સમાવેશ થાય છે. શ્રાવણ વદ આઠમને ૧૯મી ઓગષ્ટના રોજ શ્રીકૃષ્ણનો જન્મ દિવસ 'જન્માષ્ટમી'ની ઉજવણી કરવામાં આવશે. જેને કૃષ્ણ જન્મોત્સવ તરીકે પણ ઓળખવામાં આવે છે. જન્માષ્ટમીનું નામ પડતાં જ લોકમેળાની યાદ આવી જાય છે. ત્યારે ગાંધીનગરમાં છેલ્લા ૪૦ વર્ષથી પંચદેવ મંદિર સેક્ટર-૨૨ ખાતે ભવ્ય લોકમેળાનું આયોજન થતું આવ્યું છે. જે આ વર્ષે પણ લોકમેળો યોજાવા જઈ રહ્યો છે. બે વર્ષના અંતરાળ બાદ ગાંધીનગરના પંચદેવ મંદિર ખાતે આ વર્ષે ઉત્સાહપૂર્વક જન્માષ્ટમીનો લોકમેળો યોજાશે. જેની પૂર્વ સંધ્યાએ જોરદાર તૈયારીઓ ચાલી રહી હતી. વેપારીઓએ પોતાના નાના-નાના સ્ટોલ અને પાથરણા પાથરવા માટે ખાટલાઓ અને પ્લાસ્ટિકના મીણીયાઓ બાંધવાનું શરૂ કરી દીધું હતું અને પોત પોતાનું સ્થાન લેવા માંડ્યા હતા. આ વર્ષે લોકમેળામાં મોટી સંખ્યામાં નાગરિકોની ઉપસ્થિતિ રહેશે તેવો પણ અંદાજો છે.

મેળો આમ તો પારંપારિક શબ્દ છે. પણ એને માણવાની અને માળવાની મજા કંઈક ઓર છે. રવિન્દ્રનાથ ટાગોરે એવું કહ્યું છે કે મેળાઓ એ ભારતની ફરતી યુનિવર્સિટી છે.

પર્વો અને ઉત્સવોનો મહિનો એટલે શ્રાવણ. ભક્તિના રસમાં તલ્લીન પ્રજાજનો આનંદનો ઉત્સવ મેળાઓ થકી માણે છે. એમાં પણ જન્માષ્ટમીનો મેળો આનંદની ચરમશીમાએ ગણાય છે.

કૃષ્ણ જન્મોત્સવ શ્રાવણના સરવરીયા વચ્ચે થાય ત્યારે ભક્તોની આંખોમાંથી વહેતા હર્ષાસુઓના માણવાનો એક અનેરો લ્હાવો હોય છે. મધ્યરાત્રિએ કૃષ્ણ જન્મોત્સવ ઉજવ્યા પછી કૃષ્ણનું પારણું જુલાવવા ભક્તો જે દોટ મુકે છે તેનો નજારો અદ્‌ભૂત હોય છે. ગાંધીનગર શહેરમાં અને જિલ્લામાં આઠમનો મેળો પરંપરાગત રીતે ઉજવાય છે. ગામે ગામ અને મહોલ્લે મહોલ્લે આ મેળાનું આયોજન થાય છે. કલોલ તાલુકાના નારદીપુરમાં લંબેનારાયણ આશ્રમમાં બાળકો માટે મટકી ફોડની સ્પર્ધા થાય છે તો વાસણીયા મહાદેવમાં પણ મોટો મેળા થાય છે. ગાંધીનગરમાં ધોળેશ્વર મહાદેવમાં પણ વહેલી સવારથી ભક્તોની ભીડ જોવા મળે છે અને આ દિવસે મંદિરના પ્રાંગણમાં આવેલી ગૌશાળામાં લોકો અચૂક આવે છે. સે. ૨૨માં પણ સવારે ગાયોને ઘાસના પૂળા નાખવા માટે લોકોનો ધસારો હોય છે. જન્માષ્ટમીના મેળામાં ઘરવખરીનો સામાન મળી રહે છે, નાના બાળકો ચકડોળનો આનંદ માણે છે. ગેસના રંગબેરંગી ફુગ્ગાઓની ખરીદી કરતા નાના બાળકોનો ઉત્સાહ આ મેળામાં જોવાલાયક હોય છે. જન્માષ્ટમીના મેળાના કારણે ચ-રોડને વાહનોની અવરજવર બંધ કરી દેવામાં આવે છે તથા પોલીસ સુરક્ષા સાથે સંપૂર્ણ લોકમેળો યોજાય છે. આ લોકમેળાઓ ગાંધીનગર ઉપરાંત ઘણી બધી જગ્યાઓ જેમ કે સૌરાષ્ટ્ર ઉત્તર ગુજરાતના જન્માષ્ટમીના લોકમેળાઓ પણ ભવ્ય અને જાણીતા લોકમેળાઓમાના એક ગણાય છે જે બે વર્ષના અંતે કોરનાકાળ બાદ ઉત્સાહપૂર્વક જન્માષ્ટમી તથા લોકમેળાઓની ઉજવણી કરવામાં આવશે.








### આજે મધરાતે ભગવાન કૃષ્ણનો જન્મોત્સવ ઉજવાશે

આજે મધરાતે શહેરના સે. ૨૨માં પંચદેવ મંદિર અને સે. ૨૧માં હવેલી મંદિર સહિત અનેક મંદિરોમાં ભગવાન શ્રી કૃષ્ણનો જન્મોત્સવ ઉજવાશે. આ સાથે શહેરના વિવિધ વિસ્તારની અનેક રહેણાંક સોસાયટીઓમાં પણ મટકી ફોડ સહિતના કાર્યક્રમ સાથે જન્માષ્ટમી પર્વની ઉજવણી કરાશે. શ્રીમદભાગવત મહાપુરાણ પ્રમાણે દ્વાપર યુગમાં શ્રાવણ મહિનાના વદ પક્ષની આઠમી તિથિએ મધ્યરાત્રિએ રોહિણી નક્ષત્રમાં ભગવાન શ્રી કૃષ્ણનો જન્મ થયો હતો. શહેરના મંદિરોમાં રાત્રે ૧૨ વાગે ભગવાનના જન્મદર્શન સાથે બાલ કૃષ્ણની આરતી ઉતારવામાં આવશે અને શ્રધ્ધાળુઓ "નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી"ના જયઘોષ સાથે ભગવાનના અવતરણને વધાવશે.

### ધોળેશ્વર મહાદેવ અને વાસણિયા મહાદેવ ખાતે પણ મેળાં ભરાશે

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૨ ખાતેના નગરદેવતા પંચદેવ મંદિર ઉપરાંત ઐતિહાસિક ધોળેશ્વર મહાદેવના મંદિરે અને માણસા રોડ પરના સુપ્રસિદ્ધ વાસણિયા મહાદેવ ખાતે પણ જન્માષ્ટમીના પરંપરાગત લોકમેળાં ભરાશે. આ બંને સ્થળો વર્ષોથી શ્રધ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર રહ્યાં છે અને દર વર્ષે અહીં જન્માષ્ટમીના મેળામાં મોટી જનમેદની ઉમટે છે. કોરોના મહામારીના લોકડાઉન પછી ફરીવાર જન્માષ્ટમીના મેળાં યોજાઈ રહ્યાં છે ત્યારે આ લોકમેળાંઓમાં આ વખતે શ્રધ્ધાળુઓની મોટી ભીડ ઉમટી પડશે તેવું માનવામાં આવી રહ્યું છે.

## રોટરી ક્લબ ઓફ ગાંધીનગરે સ્વાતંત્ર્ય પર્વ વૃદ્ધાશ્રમના વડીલો સાથે ઉજવ્યું

ગાંધીનગર, તા.૧૮

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી પેથાપુર ખાતે કૈલાસધામ વૃદ્ધાશ્રમના વડીલો વચ્ચે રહી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન રોટરી પ્રમુખ ડો. જગદીશ પટેલ, સેક્રેટરી ડો. પારસ ઉચાત, ક્લબ ટ્રેનર સમીર ત્રિવેદી, રોટરી ડિસ્ટ્રીક્ટ




૩૦૫૪ના આસિસ્ટન્ટ ગવર્નર દિલીપભાઈ પટેલ અને કમલ જૈન દ્વારા કરવામાં આવ્યું હતું અન્ય સભ્યો ઉપસ્થિત રહી રોટરી ક્લબ ઓફ ગાંધીનગર વતી ધ્વજવંદનનું આયોજન કર્યુ હતું. આ સાથે વડીલોનેગરમા ગરમ ચા અને નાસ્તો આપી ખુશી વહેંચવાનો પ્રયાસ કરાયો હતો.

## જન્માષ્ટમી પર્વે મુખ્યમંત્રી અને રાજ્યપાલની શુભકામનાઓ


ગાંધીનગર,તા.૧૮

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જન્માષ્ટમીના પાવન પર્વ અવસરે રાજ્યના સૌ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. મુખ્યમંત્રીશ્રીએ શુભેચ્છા સંદેશમાં જણાવ્યું છે કે કૃષ્ણ જન્મોત્સવનું આ પર્વ પરમ શ્રદ્ધા અને ભક્તિભાવથી ઉજવાય છે ત્યારે સમાજમાં પ્રેમ, શાંતિ, સામાજિક સમરસતા અને બંધુત્વની ભાવનાને તે વધુ સુદૃઢ બનાવશે. ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જન્માષ્ટમીના પવિત્ર પર્વે રાજ્યના સૌ નાગરિકોને હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવી છે.

રાજ્યપાલશ્રીએ તેમના શુભકામના સંદેશમાં જણાવ્યું છે કે જન્માષ્ટમી એટલે કે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ હર્ષ અને પરમ આસ્થા સાથે ઉજવવામાં આવે છે. ભગવાન શ્રીકૃષ્ણે પ્રબોધેલા મૂલ્યવાન જીવન આદર્શો સૌના કલ્યાણની ઉન્નત ભાવનાને આત્મસાત કરવા અને ફળની ચિંતા કર્યા વગર નિષ્ઠાપૂર્વક કર્મ કરવાની સૌને પ્રેરણા આપે છે.

# રીન્યુએબલ એનર્જી ક્ષેત્રે ગુજરાતની હરણફાળ

વિજળીની માંગ આજે ઝડપથી વધી રહી છે. ઉર્જા એ આપણા જીવનનો અતૂટ હિસ્સો બની ગયો છે. ટેકનોલોજીની દુનિયામાં આપણે એક પળ પણ વિજળી વગર ચલાવી શકીએ તેમ નથી. વિજળીને વધતી માંગ સાથે તેના નવીન સ્ત્રોતો પણ શોધવા આવશ્યક



છે. રીન્યુએબલ એનર્જી દ્વારા ઉત્પન્ન થયેલી વિજળી પ્રમાણમાં સસ્તી છે અને કાર્બન ઉત્સર્જન ઘટાડીને પર્યાવરણને થતું નુકસાન અટકાવે

### કુલ વીજ ઉત્પાદન ક્ષમતામાં હાલ ૪૨ ટકાથી પણ વધુ વીજ ઉત્પાદન રીન્યુએબલ ઊર્જા દ્વારા થાય છે

છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે પેરીસ માં યોજાયેલ કલાયમેટ ચેન્જ કોન્ફરન્સ (COP21)માં વચન આપ્યું હતું કે ૨૦૩૦ સુધીમાં અમારી વીજ ઉત્પાદન ક્ષમતાના ૪૦% રિન્યુએબલ એનર્જી સ્ત્રોતોમાંથી હશે. આદરણીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ આ દિશામાં ખૂબ જ ઝડપથી કામ કરી રહ્યાં છે.

ગુજરાતમાં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં દેશનો પહેલો સોલાર પાર્ક ચારણકા ખાતે શરૂ કર્યો હતો, આજે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં હાલના કુલ વીજ સ્થાપન માં ૪૨% થી પણ વધારે વીજ ઉત્પાદન રીન્યુએબલ ઉર્જા દ્વારા થાય છે. રિન્યુએબલ ઉર્જાના સ્ત્રોતો દ્વારા રાજ્યમાં ૧,૬૩,૦૦૦ મેગાવોટ જનરેટ કરીવામાં આવી રહી છે.

રાજ્યના સૌપ્રથમ ચારણકા સોલર પાર્કની સફળતાથી પ્રેરિત થઈને, રાજ્યમાં ૫૦૦૦ મે.વો. ધોલેરા-SIR તેમજ ૭૦૦ મે.વો. રાધાનેસડા સોલાર પાર્ક્સ વિકસિત કરવામાં આવી રહ્યા છે. વધુમાં ગુજરાત ૨૮ ગીગાવોટ ની ક્ષમતા ધરાવતું 'વિશ્વનું સૌથી મોટુ રીન્યુએબલ ઉર્જા પાર્ક' વિકસાવી રહ્યું છે જ્યાં સૌર ઉર્જા, પવન ઊર્જા તેમજ વિન્ડ-સોલર હાઈબ્રિડ પ્રોજેક્ટ્સ વિકસિત કરવામાં આવશે.

**રીન્યુએબલ એનર્જીને પ્રોત્સાહનઃ**

- કાર્યક્ષમ, વિશ્વસનીય અને શુધ્ધ એનર્જી ના વિતરણ માટે, વધુ ને વધુ રીન્યુએબલ ઉર્જાક્ષમતામાં વધારો કરવા તેમજ એનર્જી-બાસ્કેટમાં રીન્યુએબલ ઉર્જાનો મહત્તમ ફાળો વધારવા માટે ગુજરાત હંમેશા અગ્રેસર રહ્યું છે તથા તે અન્વયે મહત્વપૂર્ણ નીતિઓ જેમકે સોલાર પોલીસી, વિન્ડ પોલીસી, સ્મોલ હાઈડ્રો પોલીસી, વિન્ડ-સોલાર હાઈબ્રીડ પોલીસી વગેરે છેલ્લા ૨૦ વર્ષમાં બનાવવામાં આવી છે.
- રાજ્ય દ્વારા જાહેર કરવામાં આવેલ વિવિધ પોલીસી થકી પ્રોત્સાહનના પરિણામે, બિન-પરંપરાગત ક્ષમતાનો કુલ સ્થાપિત વીજ ક્ષમતામાં ૪૨% થી પણ વધારે ફાળો થયો છે.
- રાજયમાં છેલ્લા ૨૦ વર્ષ દરમિયાન રીન્યુએબલ એનર્જી ક્ષમતામાં ૧૦૫ ગણાથી પણ વધારો (વર્ષ ૨૦૦૧માં ૧૬૫ મેગાવોટ થી વર્ષ ૩૧.૦૫.૨૦૨૨ માં ૧૭,૩૩૦મેગાવોટ)
- જીયુવીએનએલના રીન્યુએબલ એનર્જીના ટેન્ડરો સૌથી સ્પર્ધાત્મક દર મેળવેલ જેમાં રૂ. ૧.૯૯ / યુનિટ નો સોલાર ટેરીફ તેમજ રૂ. ૨.૪૩ / યુનિટ નો વિન્ડ ટેરીફ સમગ્ર ભારતમાં સૌથી ન્યુનતમ છે.

**કિસાન સૂર્યોદય યોજના**

- ખેડૂતોની દિવસે પાવર આપવાની માંગણીને સંતોષવા ખેડૂતોને દિવસે વિજળી પૂરી પાડવા ગુજરાત સરકાર દ્વારા એક નવીન અભિગમ અપનાવી " કિસાન સૂર્યોદય યોજના"અમલમાં મુકવામાં આવી છે.
- આ યોજના હેઠળ ખેડૂતોને ખેતીવાડી ફીડર ઉપર દિવસ દરમ્યાન સવારે ૫.૦૦ થી રાત્રીના ૯.૦૦ વાગ્યા દરમિયાન વીજ પુરવઠો આપવામાં આવશે.
- વર્ષ ૨૦૨૦-૨૧ માં પ્રથમ ચરણમાં, માનનીય પ્રધાનમંત્રી દ્વારા તા ૨૪.૧૦.૨૦૨૦ના રોજ કિસાન સૂર્યોદય યોજનાનું શુભારંભ કરવામાં આવ્યો.
- કિસાન સૂર્યોદય યોજનાના અમલીકરણ માટે ટ્રાન્સમીશન માળખાનું વિસ્તરણ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા આવનારા ત્રણ વર્ષ દરમ્યાન આશરે રૂ ૩,૫૦૦ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે. આ અંતર્ગત ગુજરાત રાજ્યના તમામ ૩૩ જીલ્લાઓને તબ્કકાવાર આવરી લેવામાં આવશે.
- આ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા જાન્યુઆરી -૨૦૨૨ અંતે, ૧ (એક) સબસ્ટેશન અને ૭૩૭ સર્કિટ કી.મી જેટલી નવીન વીજ રેષાનું નિર્માણ કરવામાં આવેલ છે.

### રીન્યુએબલ એનર્જીને પ્રોત્સાહન આપવા સોલાર પોલીસી, વિન્ડ પોલીસી, સ્મોલ હાઈડ્રો પોલીસી, વિન્ડ-સોલાર હાઈબ્રીડ પોલીસી બનાવવામાં અગ્રેસર બનતું ગુજરાત

**"સૂર્ય ગુજરાત" Surya Gujarat - સોલાર રૂફટોપ યોજના**

- રાજ્ય સરકાર દ્વારા તા. ૦૫.૦૮.૨૦૧૯ થી રહેણાંક શ્રેણીના વીજગ્રાહકો માટેની સોલાર રૂપટોપ સબસીડી યોજના "સૂર્ય ગુજરાત" Surya Gujarat નામથી જાહેર કરવામાં આવી છે.



- યોજના અંતર્ગત રહેણાંક હેતુના વીજ ગ્રાહકોને સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરવા માટે પ્રથમ ૩ કિલોવોટ સુધી નિયત કરેલ કિંમતના ૪૦% સબસીડી તથા ૩ કિલોવોટ થી વધુ અને ૧૦ કિલોવોટ સુધી ૨૦% સબસીડી મળવાપાત્ર છે. આ ઉપરાંત ગ્રુપ હાઉસીંગ સોસાયટી (GHS)/રેસિડેન્સિયલ વેલ્ફેર એસોસિએશન(ઈઉછ) ની કોમન સુવિધાઓના વીજજોડાણો ઉપર ઘર દીઠ ૧૦ કિલોવોટની મર્યાદામાં, ૫૦૦ કિલોવોટ સુધી ૨૦% સબસીડી મળવાપાત્ર છે.
- હાલ સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપનમાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે.
- રાજ્યના રહેણાંક હેતુના વીજગ્રાહકોમાં સોલાર ઉર્જા નો વ્યાપ વધારવા માટે રાજ્ય સરકાર દ્વારા સૂર્ય-ગુજરાત સોલાર રૂફટોપ યોજના શરુ કરવામાં આવી છે. જેમાં સમગ્ર દેશમાં સોલર રૂફટોપ સ્થાપિત કરવામાં ગુજરાત પ્રથમ સ્થાને છે. જે અંતર્ગત ૩,૦૦,૦૦૦ થી વધુ વીજગ્રાહકોને અંદાજીત રૂ. ૨૦૦૦ કરોડની સબસીડીનો લાભ અપાયો છે.

**કૃષિ ક્ષેત્રે સૌર ઉર્જાથી ચાલતા સિંચાઇ પમ્પ**

- રાજ્ય સરકાર દ્વારા કૃષિ વીજ વપરાશમાં બચત થાય, ખેડુતોમાં સૌર ઉર્જાનાં વપરાશ પરત્વે જાગૃતિ કેળવાય તથા રાજ્ય સરકાર પરનું સબસીડીનું ભારણ પણ હળવુ થાય તે માટે પરંપરાગત ઉર્જા સંચાલિત પમ્પ સેટ્સના વિકલ્પે સૌર ઉર્જા સંચાલિત પમ્પ સેટ્સનાં ઉપયોગ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.
- વર્ષ-૨૦૧૪-૧૫ થી વર્ષ-૨૦૧૭-૧૮ આ ૪ વર્ષના સમયગાળા દરમ્યાન રૂ. ૫૫૪.૪૫ કરોડના ખર્ચે ૧૨૭૪૨ સૌર ઉર્જા સંચાલિત પમ્પ સેટ્સ સ્થાપિત કરવામાં આવ્યા છે.

**સોલાર હોમ લાઇટ યોજના**

- વીજળીકરણ થી વંચિત ટાપુ, વન વિસ્તાર અથવા દૂર સુદુર વિસ્તારમાં રહેતા વ્યક્તિઓને નિયમીત રીતે ગ્રીડ કનેકશન થી વીજળી આપી શકાય તેમ ના હોય તેવા લાભાર્થીઓને વીજળીકરણ ની સુવિધા પુરી પાડવાનો હતો. આ યોજના હેઠળ રાજયની ચારવીજ વિતરણ કંપની હસ્તક દૂર સુદૂર ના



વિસ્તારોમાં વીજળીકરણ થી વંચિત વિસ્તાર માં બીન પરંપરાગત વીજળીકરણ માટે ઓફ ગ્રિડ સૌર ઉર્જા આધારિત સોલાર ફોટો વોલ્ટીક હોમ લાઈટ સીસ્ટમ પૂરી પાડવામાં આવી છે.

- વર્ષ-૨૦૧૫-૧૬ અને વર્ષ-૨૦૧૬-૧૭ આ ૨ વર્ષમાં રૂ. ૧૧૯.૬૩ કરોડના ખર્ચે ૨૫૯૧૦ સોલાર હોમ લાઈટ પૂરી



### ૨૮ ગીગાવોટની ક્ષમતા ધરાવતું વિશ્વનું સૌથી મોટુ રીન્યુએબલ ઊર્જા પાર્ક ગુજરાતમાં વિકસાવાઈ રહ્યું છે

પાડવામાં આવેલ છે.

**સૂર્ય કિસાન યોજના**

- રાજ્ય સરકાર દ્વારા સમગ્ર દેશમાં પ્રથમ વખત SKY (સૂર્ય શક્તિ કિસાન યોજના) યોજનાની જાહેરાત તેમજ અમલીકરણ દ્વારા ગુજરાત રાજ્ય ના ૪૫૨૦ ખેડૂતો લાભાન્વિત થઈને આશરે ૧૦૦ મેગા વોટવીજળી સૌર ઉર્જા દ્વારા ઉત્પાદિત કરી વધારાની વીજળી વેચીને આર્થિક આવક મેળવી રહ્યા છે.
- જે ખેડૂતોની આવક બમણી કરવા માં મહત્વનો ભાગ ભજવે છે.

**તાજેતરમાં ઉપભોક્તાના હિત માટે લેવાયેલા નિર્ણયોઃ**

- રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર આયોજીત PM-KUSUM-B યોજના હેઠળ વન વિસ્તારોના આદિજાતિ કૃષિ-વિષયક વીજ જોડાણ ને ઓફ ગ્રીડ સોલાર પંપસેટ દ્વારા વિનામૂલ્યે તથા સામાન્ય યોજના હેઠળ ના અરજદારને નહીવત ફાળો આપવાનો રહેશે.
- છેલ્લા ૧૦ વર્ષ માં રાજ્ય સરકાર દ્વારા ૧૨૦૦૦ કરોડ ના ખર્ચે ૭,૫૦,૦૦૦ થી વધુ ખેડૂતો ને કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવેલ છે. જેના થકી કૃષિ પેદાશોની માંગને પહોંચી વળવું શકય બન્યું છે. અને ખેડૂતો ની આવક બમણી કરવામાં મોટો ફાળો રહ્યો છે.
- વર્ષ ૨૦૨૨-૨૩ ના જુન ૨૦૨૨ સુધી ની ખેતી વિષયક પડતર તમામ અરજીઓનો નિકાલ કરવાનો નિર્ણય કરાયો છે.
- રાજ્યના રહેણાંક હેતુના વીજગ્રાહકોમાં સોલાર ઉર્જા નો વ્યાપ વધારવા માટે રાજ્ય સરકાર દ્વારા સૂર્ય-ગુજરાત સોલાર રૂફટોપ યોજના શરુ કરવામાં આવી છે. જેમાં સમગ્ર દેશમાં સોલર રૂફટોપ સ્થાપિત કરવામાં ગુજરાત પ્રથમ સ્થાને છે. જે અંતર્ગત ૩,૦૦,૦૦૦ થી વધુ વીજગ્રાહકોને અંદાજીત રૂ. ૨૦૦૦ કરોડની સબસીડીનો લાભ આપેલ છે.